

# || ભુવનેશ્વરી ||

Dr.Hardik Nikunj Yagnik

*Nikunj Madhusudan Yagnik*



*This one is for you papa…*

*- Hardik*

## જય અંબે માતાજી

(૧) ચાચરના ચોક કેરે (ગરબો)

(૨) રમત રમાડે માડી (ગરબો)

(૩) માડીના ગુણલા ગાઉં કે (ગરબો)

(૪) આંખલડી ઉઘાડ મારી (ગરબો)

(૫) ડુંગરવાળી ડોશી મારી (ગરબો)

(૬) કુમકુમના પગલા પડ્યા (ગરબો)

(૭) છે સૃષ્ટિની અભ્યર્થના (સ્તુતિ)

(૮) ઓ શિવા શિવાંગીની (નામમાળા)

(૯) મે તો માડીના મંદિરનો રાહ (ગરબો)

(૧૦) લહેરાતી કુંતલની કેવી આ (ગરબો)

(૧૧) કે આજ પાવન થયા (સ્વાગત ગીત)

(૧૨) એક પલકારે ડૂબી જવા (ગરબો)

(૧૩) હૈ મૈયા મારી માત ભવાની (ગરબો)

(૧૪) આજ મારી માવડીના રથનો (ગરબો)

(૧૫) મા ના મુખડાનુ સ્મિત (ગરબો)

(૧૬) છમછમ માના પાયલની (ગરબો)

(૧૭) મંદિરના ગોખમાં (ગરબો)

(૧૮) માડી તારી આંખમાં તેજના (ગરબો)

## ગરબો- ૧

ચાચરના ચોક કેરે ગરબો મેં કીધો

માડીના પગલાનો તાલ ત્યાં તો દીઠો

નોરતાની રાત ને આરાસુર ધામ રે

શ્રધ્ધાની પાંખને ઉછરેલુ ઉર એ (૨)

માવડીની મમતાનો રસ મેં તો પીધો..

ચાચરના ચોક કેરે....

તાલીઓના તાલને ભક્તિનો ભાવ રે

મંદિરની છાંય ને કુમકુમ શું રુપ એ (૨)

સાથિયાથી શોભતો ગરબો મા એ લીધો..

ચાચરના ચોક કેરે....

લાલચટક ઓઢણીને નિતરતું રુપ એ

મમતાનું મુખડું કેવું અદ્દભુત રે (૨)

આજે “હાર્દ” માં છે ભાવ કેવો મીઠો..

ચાચરના ચોક કેરે....

ચાચરના ચોક કેરે ગરબો મેં કીધો

માડીના પગલાનો તાલ ત્યાં તો દીઠો

## ગરબો -૨

રમત રમાડે માડી મને રમત રમાડે

મોજ કરાવે માડી મને મોજ કરાવે

સુખ દુઃખના પાસા નાંખી અહીંને

રમત કસોટી કરતી રહી એ

આપી બધું ને લઇ પણ લેતી

બમણું કરી માડી સઘળું પાછું એ દેતી

રમત રમાડે....

પળમાં એ દુઃખ દઇને  માથે હાથ રાખતી

સુખનું ઘરેણું લઇ માડી મુજને ધરતી

દુશ્મનના વેશમાં મૈયા શિખવાડતી

શ્રધ્ધાના મારગનો તું છે પ્રવાસી

રમત રમાડે...

સંયમની વેળાએ હાથ દઇને બોલતી

મુક્તિનો માર્ગ છે ભક્તિની કેડી

આખરે રમતમાં મુજને જીતાડતી

પળે પળ જીવનમાં મૈયા સંભાળતી

રમત રમાડે...

## ગરબો -૩

માડીના ગુણલા ગાઉં કે કરું એની કલ્પના

જનની ને લાડ લડાવવા શું કરું રચના?

કાલા તે વાલા કરવા

કે ગાવા ગીતડા

અશ્રુની ધાર કરવી

કે પછી અર્ચના...(૨)

બાળક તમારો થઇને ગાઉં મા ના ગરબા..

જનની ને લાડ લડાવવા શું કરુ રચના?

નથી મુજમાં શક્તિ ને

કેવી મારી ભક્તિ?

કામે ક્રોધી માયા લોભી

હું મંદ બુદ્ધિ

ખરું ખોટું આલાપીને હું તો ઉભો માંગવા

જનની ને લાડ લડાવવા શું કરું કલ્પના?

## ગરબો -૪

આંખલડી ઉઘાડ મારી

આંખલડી ઉઘાડ

અહમ તણા એ ભેદ ભુલાવી

આંખલડી ઉઘાડ

ભાન ભૂલ્યો આ માન તણું

મા કાંઇ તો સુઝાડ, માડી કાંઇ તો સુઝાડ

મારા “હું” ને મારી નાંખી

આંખલડી ઉઘાડ

વર્ષો તણા આ બંધ નૈના

ઉરનો ના ઉલ્લાસ માડી ઉરનો ના ઉલ્લાસ

સર્વે જનમાં તુજને દેખુ,

આંખલડી ઉઘાડ

તારે ચરણે આવી ગયો મા

શીદને તું રડાવ માડી શીદને તુ રડાવ

ખોળે તારા રમતો રહું માજી

આંખલડી ઉઘાડ

## ગરબો -૫

ડુંગરવાળી ડોશી મારી ડુંગરવાળી .....(૨)

આરાસુર ધામની એ પટરાણી

સિંહની સવારી મા રાજરાણી

ડુંગરવાળી ડોશી......

મમતાના મેહલા એ વરસાવતી

દુઃખીઓના દુઃખને એ તો સંહારતી

ડુંગરવાળી ડોશી.....

વાણીને વર્તનમાં મૈયા બિરાજતી

પાપના પંથેથી મા પાછા વાળતી

ડુંગરવાળી ડોશી.....

શ્રધ્ધાના કોલે દોડી વ્હેલા આવતી

ભાવ તણા “હાર્દ”માં એ તો બિરાજતી

ડુંગરવાળી ડોશી....

## ગરબો -૬

કુમકુમના પગલા પડ્યા આકાશ

મા એ સોળે સજ્યા શણગાર જો

એની કુમકુમની ઓઢણીમાં ઉગતાએ તારલિયાને (૨)

ચાંદો જુવે છે હરખાઇને......

કુમકુમના પગલા.....

માની એ આંખોમાં અમૃત અનેરુ

મા એ રેલાવ્યા એના એ નીર જો

એની આંખ્યુમાં રેલાતા મમતાના નીરને (૨)

પીધા અમે હરખાઇને......

કુમકુમના પગલા.....

શોધે છે ઉર મારુ માડીના દર્શન

મા એ દીધા એ મનને દ્વાર જો

મારા ઘર ના આંગણિયામાં આવી ઉભા તમે (૨)

મંગલ કરજો અમારા “હાર્દ” ને.......

કુમકુમના પગલા....

## <u>સ્તુતિ</u>

છે સૃષ્ટિની અભ્યર્થના,

સદબુદ્ધિ દે માં અંબિકા

હે આદ્ય શક્તિ ચંડિકા (૨)

જગની જનેતા જગદંબા..

આ હૃદય તણા સંગીતના

સુર તાલ તારા અંગમાં

છે બોલ મનની  મૃદંગના (૨)

સદબુદ્ધિ દે માં અંબિકા

મનભક્તિની આરાધના

તારી કૃપા દે શક્તિમાં

શોભે આ શબ્દો વાણીનામ(૨)

સદબુદ્ધિ દે માં અંબિકા

કહે “હાર્દ” આજે ભાવથી

ખોળે તમારા રાખોમાં

પ્રેમે કરુ છુ આ સ્તુતિ (૨)

સદબુદ્ધિ દે માં અંબિકા

## નામમાળા

ઓ શિવા શિવાંગીની

મયુરવાહિની મંદાકિની

સૃષ્ટિ કેરી સનાતની

બ્રાહ્મી ઓ હંસવાહિની

ગાયત્રી ઓ જનાર્દની

હે દુર્ગે કમલવાસિની

વારાહી શાંકભરી

એન્દ્રી મહા નારાયણી

બુધ્ધિ વિદ્યાદાઇની

મા શારદા સરસ્વતી

અંબા કાલી જગદીશ્વરી

અજય ઓ પરમેશ્વરી

શક્તિ રાજરાજેશ્વરી

ઓ જનની તુ પીઠેશ્વરી

ખોળે સદા તારા રાખજે

અરજ કરું “ભુવનેશ્વરી”

## ગરબો -૭

મે તો માડી ના મંદિરનો રાહ પેલો દિઠો

એમા શ્રધ્ધાના ખોળાનો સાથ મે તો લીધો....

જગની જનેતાના વાત્સલ્ય કેરો

ભવેભવનો ટાળો મારો આ ફેરો

ઉપડલા પગલાનો સંગ અનેરો

મે તો માડી ના મંદિરનો રાહ પેલો દિઠો

નિર્જન અને નિંદા થી ભરેલો

દુઃખથી ભરેલો આ જગનો ઝમેલો

શ્રધ્ધાની સાથે આવી ઉભેલો

મે તો માડિના મંદિરનો રાહ પેલો દિઠો

ભક્તિના ભાવમાં ભમતો રહ્યો હું

માડી ના મોહમાં રમતો રહ્યો હું

કહે “હાર્દ” આજે શ્રધ્ધાથી ઘેલો

મે તો માડિના મંદિરનો રાહ પેલો દિઠો

મે તો માડી ના મંદિરનો રાહ પેલો દિઠો

એમાં શ્રધ્ધાના ખોળાનો સાથ મે તો લિધો....

## ગરબો-૮

લહેરાતી કુંતલની કેવી આ શોભા!

માડીના રૂપતો કેવા અનોખા!!!

કુમકુમના પગલાને દિવ્ય એની આભા

માડીના રૂપતો કેવા અનોખા!!!

- નોરતાની રાતે પેલુ અદભુત સ્વરુપ જો

  સિંહની સવારી માની શોભે અનુપ જો

  ચાચરના ચોકમાં ભક્તિનું પૂર જો

  માડીના દર્શન કાજે રડતું આ ઉર જો

  લહેરાતી કુંતલની કેવી...

- ભાતીગળ ચુંદડી ને નિતરતું રુપ જો

  મમતાની પ્રીતને નયનોનામ નેહ જો

  તારી કૃપાની મા જલતી આ જ્યોત જો

  મનમાં લાગણીઓ ને વ્હાલનું વહેણ જો

  લહેરાતી કુંતલની કેવી..

- ગૌરવવંતા ગોખે માડી શોભે સંપૂર્ણ જો

  મમતા નુ સરનામું મારુ માનું મંદિર જો

  જનની ના પાલવે વળગી રહેલો જો

  કહે “હાર્દ” આંગણે આવી ઉભેલો જો

## સ્વાગત સ્તુતી

કે આજ પાવન થયા ઘરના આંગણ ઘણા

માડીના પગલા પડ્યા અમ ઘરની તણા

ફુલોની વાડી કરી સાથિયાથી ભરી

અત્તર છાંટી કરી માની બેઠક કરી

ગરબો ગોખે મૂક્યો કળશ સ્થાપન કર્યું

ઘરના સૌ એ મળી માડીનું સ્વાગત કર્યુ

પ્રેમે આરતી કરી માજીની સ્તુતિઓ ગણી

તાલે ગરબાના આજે મૈયાને અરજ કરી

બસ દે જે શક્તિ મા તુ મ્હેર કરી

## ગરબો-૯

એક પલકારે ડૂબી જવા

માના મુખડાની જયોતિ નિહાળી રહ્યો

સુખનું જગત હો કે દુઃખની દુનિયા

આજ ક્ષણ માં હું સઘળું વિસરી ગયો

કેટલું કેટલું હું તો મુંગો રહ્યો

ને કેટલું કેટલું હું તો બોલી ગયો

રુપે રુપે અરુપીને બસ આજ હું તો નિહાળી રહ્યો...

આતમનુ આજે જ જાણે દર્શન થયું

મમતાના અમૃતનુ જાણે સેવન કર્યું

ખોબલે ને ખોબલે બસ આજ હું તો માંગી રહ્યો, ...

વ્હાલના વલોણે માનુ દર્શન કર્યું

પ્રેમ કેરા પુષ્પોનુ જાણે અર્પણ કર્યું

મનનો સંશય હવે બસ આજ જાણે ભાંગી રહ્યો...

## ગરબો-૧૦

હે મૈયા મારી માત ભવાની

જગની જનેતા દુઃખ હરનારી ...

મંદિર તારું કેવું રૂપાળું

નિશદિન જાયે મનડું આ મારુ

કુમકુમના પગલાની શોભા છે ન્યારી

હે મૈયા મારી....

તાલ મૃદંગને વીણાની વાણી

માડિના મુખડાની પ્રિત અતિ સારી

ઉર માં ધરજો આજે આ અરજ અમારી

હે મૈયા મારી....

તારી કૃપાની છે આ લહાણી

બસ દુનિયા આખી તુજ રુપ જાણી

અંત વેળા એ સાંભળજો વિનંતી અમારી

હે મૈયા મારી....

## ગરબો-૧૧

હે.....

આજ મારી માવડીના રથનો પોકાર

પાપીઓના પાપનો આજે છે સંહાર (૨)

પુણ્ય કેરા રથની પકડી લગામ

કર્મોના બંધનની લીધી પાશ

સુખ અને દુઃખ કેરા પૈડા અપાર

પાપીઓના પાપનો આજે છે સંહાર

કે આજ મારી માવડીના રથનો પોકાર..

માડી બની આજ તો રથની સવાર

નોરતાની રાતે લીધાં રૂપ તો અપાર

રણચંડી મહેર કરોને મોરી માત

પાપીઓના પાપનો આજે છે સંહાર

કે આજ મારી માવડીના રથનો પોકાર..

## ગરબો-૧૨

મા ના મુખડાનું સ્મિત શું અનેરું !

મમતાના બોલને બોલી રહેલું

શબ્દોથી એ તો હ્રદયને મળેલું

મા ના મુખડાનુ સ્મિત શું અનેરું !

દેહના મોહમાં રમતો રહ્યો જયાં

ઝાંઝવાના જળ માં ડૂબતો રહ્યો જયાં

મારી એ ભૂલને ભૂલી ગયેલું .. (૨)

મા ના મુખડાનું સ્મિત શું અનેરું !

નયન પલકારે બધું આવી મળે જયાં

ભવેભવના ફેરા બાળી રહ્યાં જયાં

હ્રદયની આંખે આવી મળેલું (૨)

મા ના મુખડાનું સ્મિત શું અનેરું !

ચાચરના ચોકમાં શોભી રહેલા

માંગલ્ય મૂર્તિ તમ કેવા અનેરા

કહે "હાર્દ" આજે મુક્ત થયેલું (૨)

મા ના મુખડાનું સ્મિત શું અનેરું !

## ગરબો-૧૩

છમછમ માના પાયલની ઘૂઘરીઓ બોલતી

ચારે દિશાઓ આજે મસ્ત બની ડોલતી

છમ છમ છમ......

સોળે શણગારે આજે માડી કેવા રમતા,

ગરબાની હિંચ લઇ માડી કેવા શોભતા

છમ છમ છમ......

ચાચરના ચોક કેરે દેવતાઓ આવતા

માડીના ગરબા આજે સૌ એ નિહાળતા

છમ છમ છમ......

ગગનનો ગરબો આજે માથે લઇને હાલતા

નોરતાની રાતને મૈયા દિપાવતા

છમ છમ છમ......

## ગરબો-૧૪

મંદિરના ગોખમાં શોભી રહ્યું રહેલું

એ કેવું અનોખું રુપ

ચાંદ જેનો દિવડોને સૂર્ય જેનો સાથિયો

એ કેવું અનોખું રુપ

ચુંદડી ની દિવ્યતા ને

ભાલ ની એ ભવ્યતા

વીણાનો તાલને

મુખની વિશાળતા

સ્મિત ભર્યા શબ્દોને બોલી રહેલું

એ કેવું અનોખું રુપ

એક ત્રિશુળને

ઘી નો છે દીવડો

સિંહની સવારી

ને માથી નો રથડો

નયન કેરા તાંતણે બાંધી રહેલું

એ કેવું અનોખું રુપ

## ગરબો-૧૫

માડી તારી આંખમાં તેજના તીમીર રે

માડી આજે દર્શનના અમને દો નીર રે

માડી સૃષ્ટિ આખી તારા પાલવની સાખે

આજ દર્શન દિઠા અમે હ્રુદયાની આંખે

જગની જનેતા માડી દેજો એ રોજ રે

માડી તારી આંખમાં...

ઘરમાં એ બેઠા માજી શોભે અનોખા

શબ્દો અમારે મન કંકુ ને ચોખા

ઉરમા ને હ્દયામાં ભક્તિ દેજો રે

માડી તારી આંખમાં

માડી તારી આંખમાં તેજના તીમીર રે

માડી આજે દર્શન ના અમને દો નીર રે